Extra No. 374

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **THURSDAY, OCTOBER 16, 2025 / ASHVINA 24, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણે:-

(૧) ગૃહ વિભાગના તા. ૧૦.૧૦.૨૦૨૫ના પરિપત્ર ક્રમાંક: વિ.૨/ઈએસએ/૧૩૨૦૧૫/જીઓઆઈ-૧૧૨

(૨) ગૃહ વિભાગના તા. ૧૭/૦૯/૨૦૨૫ના પરિપત્ર ક્રમાંક: HD/MIS/e-file/8/2025/0778/SB2, તા.૦૯/૧૦/૨૦૨૫ના.પત્ર નં. HD/ART/e-file/8/2025/5172/SB2

(૩) નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષની રીટ પીટીશન (સિવિલ) નં.૭૨૮/૨૦૧૫ માં તા.૨૩.૧૦.૨૦૧૮ના રોજ થયેલ આદેશ.

(૪) National Green Tribunal તા. ૦૯/૧૧/૨૦૨૦ના હુકમ

(૫) ડીરેક્ટોરેટ ઑફ રેવેન્યુ ઈન્ટેલિજેન્સ, ભારત સરકારના તા.૧૯.૧૦.૨૦૨૦ના અ.સ.પત્ર ક્રમાંક-50/13/2014-C1(Pt.)/4807

-:જાહેરનામું:-

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ

નં. મજસ/ફટાકડા જાહેરનામું/વશી/૮૫૩/૨૦૨૫.-દિવાળીના તહેવારો દરમિયાન વેચવામાં આવતા વિદેશી ફટાકડાના વેચાણ પર પ્રતિબંધ તથા ફોડવામાં આવતા ફટાકડા (દારૂખાના)થી આગના, અકસ્માતના અને તોફાનોના બનાવો બનવાની શકયતા નકારી શકાય તેમ નથી અને તેથી આવા બનાવો ન બને તે આશયથી ગૃહ વિભાગ, ગાંધીનગર તેમજ નામ.સુપ્રિમ કોર્ટ દ્વારા અપાયેલ આદેશ અન્વયે દારૂખાનાના વપરાશ ઉપર નિયંત્રણ મુકવાનું મને જરૂરી જણાય છે અને તેથી ગૃહ વિભાગ, ગાંધીનગરના ઉક્ત વંચાણ-(૧) વાળા પત્રની સૂચનાની વિગતે હું ડી. વી. મકવાણા, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી આથી ફરમાવું છું કે, જાહેર જનતાની, જાનમાલની સલામતી ખાતર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબની સૂચનાઓની અમલવારી કરવાની રહેશે.

૧. નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષની રીટ પીટીશન (સિવિલ) નં.૭૨૮/૨૦૧૫ માં તા.૨૩.૧૦.૨૦૧૮ના રોજ થયેલ આદેશમાં આપવામાં આવેલ મુખ્ય માર્ગદર્શક સૂચનાઓ નીચે મુજબ છે. જે સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧) નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા ગ્રીન તથા માન્યતા પ્રાપ્ત ફટાકડા કે જે ઓછા એમિશન ઉત્પન્ન કરે છે તેનાં ઉત્પાદન અને વેચાણની પરવાનગી આપવામાં આવેલ છે. આ સિવાયના તમામ પ્રકારનાં ફટાકડાના ઉત્પાદન અને વેચાણ પર નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

(૨) ભારે ઘોંઘાટવાળા ફટાકડા સ્વાસ્થ્ય માટે ખૂબ હાનિકારક હોવાથી તથા વધુ પ્રમાણમાં હવાનું પ્રદુષણ અને ઘન કચરો પેદા કરતા બાંધેલા ફટાકડા (Joint firecrackers, Series crackers or Laris) પર નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

(૩) ફટાકડાનું વેચાણ માત્ર લાયસન્સધારક વેપારીઓ દ્વારા કરવાનું રહેશે. આ વેપારીઓએ નામદાર સુપ્રિમ કોર્ટના તા.૨૩.૧૦.૨૦૧૮ના આદેશ મુજબ પરવાનગી આપવામાં આવેલ ફટાકડાઓનું જ વેચાણ કરવાનું રહેશે.

(૪) તમામ ઈ-કોમર્સ વેબસાઈટને ઓનલાઈન તમામ પ્રકારનાં ફટાકડાના વેચાણ પર પ્રતિબંધ મુકેલ છે.

(૫) ફટાકડા બનાવવા માટે બેરીયમના ઉપયોગ પર સુપ્રિમ કોર્ટે પ્રતિબંધ મુકેલ છે.

(૬) દિવાળી તથા અન્ય તહેવારો કે જેમાં ફટાકડા ફોડવામાં આવે છે. તેમાં ફટાકડા રાત્રે ૮.૦૦ થી ૧૦.૦૦ કલાક સુધી જ ફોડી શકાશે. તેમજ ક્રિસમસ અને નૂતન વર્ષનાં તહેવાર દરમિયાન ફટાકડા રાત્રે ૨૩.૫૫ કલાકથી ૦૦.૩૦ કલાક સુધી જ ફોડી શકાશે.

૨. આ ઉપરાંત હંગામી ફટાકડા લાયસન્સ મેળવેલ ન હોય તેવા કોઈપણ વેન્ડર, લારી-ગલ્લા, ટેમ્પરેરી શેડ બાંધીને ફટાકડાનું જે વેચાણ કરે છે તેને અટકાવવા આવા વેપારીઓ સામે ભારતીય ન્યાય સહિતા-૨૦૨૩ હેઠળ કાર્યવાહી કરવાની રહેશે.

૩. હાનિકારક ધ્વનિ પ્રદુષણ રોકવા માટે માત્ર Petroleum and Explosives Safety Organization (PESO) દ્વારા અધિકૃત બનાવટ વાળા અને માન્ય ધ્વનિ સ્તર (DECIBEL LEVEL) વાળા જ ફટાકડા વેચી/વાપરી શકાશે અને સંદર્ભ-૪ના હુકમ મુજબ પ્રદુષણનું પ્રમાણ વધે નહિ તે માટે સાવચેતીના પગલાં લેવા તથા માત્ર Green Crackers તથા ઓછા એમિશન ઉત્પન્ન કરે તેવા ફટાકડાના ઉત્પાદન અને વેચાણની પરવાનગી આપવાની રહેશે.

૪. નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા ફટાકડા ફોડવા સંબંધમાં આપેલ માર્ગદર્શક સૂચનાઓનો ભંગ થતો હોવાની વિગતો ધ્યાને આવેલ હોવાનું દર્શાવી સખત નારાજગી વ્યક્ત કરવામાં આવેલ છે. "ગ્રીન ક્રેકર્સ"ના નામે પ્રતિબંધિત ફટાકડાનું ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ થાય છે અને ઘણા કિસ્સામાં ફટાકડાના બોકસ કવર પરનો ક્યુ.આર. કોડ પણ નકલી હોવાનું જણાવેલ છે. જાહેર સ્વાસ્થ્ય કે પર્યાવરણના ભોગે કોઈ ઉજવણી ન થઈ શકે તે બાબત પર ભાર આપી નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા રીટ પીટીશન (સિવિલ) નં. ૭૨૮/૨૦૧૫ માં તા. ૨૯.૧૧.૨૦૨૧ના હુકમ દ્વારા પ્રતિબંધિત કટાકડાના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ સંદર્ભે આપવામાં આવેલ સુચનાઓની સંપૂર્ણપણે તથા સાચા અર્થમાં અમલવારી કરવા હુકમ કરવામાં આવેલ. આ હુકમનું પાલન થાય તે સુનિશ્ચિત કરી ગૃહ વિભાગના તા.૧૭.૧૨.૨૦૨૧ના પત્રથી સૂચવ્યા મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

૫. સંદર્ભ-૫ ના પત્રથી કટાકડાના ગેરકાયદેસર આયાત અને વેચાણ સામે પગલાં લેવા બાબતના પત્રની સૂચવ્યા મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

૬. પુખ્ત વ્યક્તિઓ સાથે ન હોય ત્યાં સુધી ૧૮ વર્ષથી ઓછી ઉમરના બાળકોને ફટાકડાનું વેચાણ કરવાનું રહેશે નહી.

૭. ફટાકડાના સંગ્રહ અને વેચાણ દરમિયાન ધુમ્રપાન અથવા કોઈપણ પ્રકારના દીવા, ફાનસ, મીણબત્તીને મંજુરી આપવાની રહેશે નહી.

૮. ફટાકડાની દુકાનમાં પર્યાપ્ત માત્રામાં અગ્નિશામક સાધનો, પાણીનું ડ્રમ તથા રેતીની ડોલ રાખવાની રહેશે.

૯. દુકાનની સામે કોઈ કામચલાઉ શેડ કે પ્લેટફોર્મ બનાવવાના રહેશે નહી. દુકાનમાં ઈલેક્ટ્રીક કનેક્શન યોગ્ય રીતે કરેલું હોવાનું રહેશે.

૧૦. વધુમાં, હોસ્પિટલ, નર્સિંગ હોમ, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણિક સંસ્થા, કોર્ટ, ધાર્મિક સ્થળોથી ૧૦૦ મીટરની ત્રિજ્યાને સાયલેન્ટ ઝોન તરીકે ગણવામાં આવશે તેમજ જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર ફટાકડા ફોડી શકાશે નહી તથા ગૃહ વિભાગ, ગાંધીનગરના તા.૧૭.૦૯.૨૦૨૫ના પરિપત્ર મુજબ ચાઈનીઝ તુક્કલ/લેન્ટર્ન તથા આતશબાજ બલુનના વેચાણ તેમજ ઉડાડવા પર પણ પ્રતિબંધ ફરવામાં આવે છે.

૧૧. ગૃહ વિભાગ, ગાંધીનગરના તા.૧૭,૦૯.૨૦૨૫ તથા તા.૦૯.૧૦.૨૦૨૫ના પત્રમાં આપવામાં આવેલ સૂચનાઓની ચૂસ્તપણે અમલવારી કરવાની રહેશે.

૧૨. ધ એપ્લોઝિવ એક્ટ-૧૮૮૪ તથા એપ્લોઝિવ રૂલ્સ-૨૦૦૮ તથા સરકારશ્રીની પ્રવર્તમાન તમામ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

-: વિસ્તાર:-

આ જાહેરનામું સમગ્ર અરવલ્લી જિલ્લાના વિસ્તાર માટે લાગુ પડશે.

-:: સમયગાળો:--

આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી તા.૦૫.૧૧.૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

- શિક્ષા -

જો કોઈ ઈસમ ઉપરોકત હુકમનો ભંગ કરશે અગર ભંગ કરાવવામાં મદદગારી કરશે તો આવા ઈસમો ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૫મી ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરવામાં આવ્યો.

ડી. વી. મકવાણા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

વંચાણે લીધા:-

(૧) ઉપસચિવ (કા.વ્ય), ગૃહ વિભાગ ગાંધીનગરના પત્ર ક્રમાંક: વિ-૧/કઅવ/૧૦૨૦૨૪/ ૮૨, તા.૩૦.૦૫.૨૦૨૪

(૨) પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી મોડાસાના પત્ર નં.LIB/BNSS-163/ઝાંઝરી ધોધ/જાહેરનામુ/૧૬૮૫/૨૦૨૫ તા. ૧૫/૧૦/૨૦૨૫

(૩) સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, બાયડના પત્ર નં.પી.ઓ.એલ/ઝાંઝરીવોટર ફોલ/વશી/૨૩૧/૨૦૨૪, તા.૦૫/૦૬/૨૦૨૪

(૪) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે

નં.ડી.સી./પીઓએલ/જાહેરનામું/કલમ-૧૬૩/વશી/૮૫૪/૨૦૨૫ અરવલ્લી જિલ્લાના બાયડ.ડાભા, તાલુકાના ખાતે જાણીતુ પ્રવાસન સ્થળ ઝાંઝરી ધોધ આવેલ છે. છેલ્લા ૨૫ વર્ષમાં સદર ઝાંઝરી ધોધ, વાત્રક નદીના પાણીના ધરામાં અકસ્માતે લપસી ડુબી જવાના, તણાઈ જવાના, પથ્થરની શીલાઓ પરના પાણી પર જામેલ લીલના કારણે લપસી પથ્થર પર પટકાઈને મૃત્યુ થવાના ઘણા બનાવો બનેલ છે. આવી ઘટનાઓ બનતી અટકાવવા તંત્ર દ્વારા પોલીસ બંદોબસ્ત ફાળવવામાં આવેલ છે. ધોધના/નદીના પાણીમાં પડી ન્હાવા જવા પર નિષેધ હોવાની સૂચનાઓના બોર્ડ પણ લગાવવામાં આવેલ છે. તેમ છતાં જિલ્લામાંથી આવતા પ્રવાસીઓ/સહેલાણીઓ આ સુચનાઓનો અનાદર કરી ઝાંઝરી ધોધ ખાતેના પાણીમાં ન્હાવા પડી અકસ્માતે ડૂબીને જીવ ગુમાવવાના સંખ્યાબંધ બનાવો તાજેતરના વર્ષોમાં બનેલ છે.

જેથી આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તથા પ્રવાસીઓ/સહેલાણીઓની સલામતી જળવાઈ રહે તે હેતુ માટે વાત્રક નદીના આશરે ૫ કિ.મીના લાંબા (જીતપુર-આંબલીયારા પ્રવેશ માર્ગ-૧ પાસે આવેલ ઝાંઝરી ધોધ થી લઈ ગંગેશ્વર મહાદેવવાળા પ્રવેશ માર્ગ-૩ ચેક ડેમ સુધી)ના નદીના પ્રવાહ માર્ગની આજુ-બાજુ વાત્રક નદી/ઝાંઝરી ધોધના કિનારે જઈ પાણીમાં પડવા ન્હાવા કે નદી કિનારે આવેલ શીલાઓ પર કે જ્યાંથી ફોટોગ્રાફી કરવા જતા અકસ્માતે પગ લપસી જવાથી ઝાંઝરી ધોધના ઊંડા પાણીના ધરા કે પ્રવાહમાં ડૂબી જવા કે પથ્થરની શીલાઓ પર પટકાઈ ઈજા થવા અને મૃત્યુ થવાની સંભાવના રહેલી હોઈ પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાએ વંચાણે લીધેલ આમુખ-૨ ના પત્રથી તથા સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી બાયડએ આમુખ-૩ના પત્રથી વાત્રક નદીના આશરે ૫ કિ.મી લાંબા પ્રવાહ માર્ગ જીતપુર-આંબલીયારા પ્રવેશ માર્ગ-૧ પાસે આવેલ ઝાંઝરી ધોધ થી લઈ ગંગેશ્વર મહાદેવવાળા પ્રવેશ માર્ગ-૩ ચેક ડેમ સુધીના વિસ્તારમાં સહેલાણીઓ/પ્રવાસીઓના ન્હાવા/પાણીમાં ઉતરવા/બિલકુલ નદી કિનારે આવેલ કોતરો પર ઉભા રહી ફોટોગ્રાફ કરવા પર પ્રતિબંધ મુકવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત વાજબી જણાય છે.

સબબ હું ડી.વી.મકવાણા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અરવલ્લી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબના હદ વિસ્તાર માટે આથી નીચેની વિગતે અમલવારી કરવા હુકમ કરૂ છું.

જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર

"જીતપુર-આંબલીયારા પ્રવેશ માર્ગ-૧ પાસે આવેલ ઝાંઝરી ધોધ થી લઈ ગંગેશ્વર મહાદેવ વાળા પ્રવેશ માર્ગ-૩ ચેક ડેમ સુધી"

જાહેરનામાનો પ્રતિબંધ

"જીતપુર-આંબલીયારા પ્રવેશ માર્ગ-૧ પાસે આવેલ ઝાંઝરી ધોધ થી લઈ ગંગેશ્વર મહાદેવવાળા પ્રવેશ માર્ગ-૩ ચેક ડેમ સુધીના વિસ્તારમાં ન્હાવા/પાણીમાં ઉતરવા/બિલકુલ નદી કિનારે આવેલ કોતરો પર ઉભા રહી ફોટોગ્રાફી કરવા પર પ્રતિબંધ"

જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો

જાહેરનામાની પ્રસિધ્ધિ તારીખથી તા. ૧૪/૧૧/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો અનાદર કરનાર કે ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ - ૨૨૩ હેઠળના ગુના માટે શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતાં ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ - ૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૫મી ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરવામાં આવ્યો.

ડી. વી. મકવાણા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.11.06 18:19:26 IST